સ્વબળ ભેટ મુસાફિર.

વ્હોરાનું વર્ણન.

કિંમત ૦—૩—૦

શ્રી

વડોદરાનું વર્ણન.

રચનાર

એક મુસાફર.

છપાવિ પ્રસિદ્ધ કરનાર.

ઝવેરી જેઠાલાલ ચુનીલાલ.

મુ૦ વડોદરા શહેર.

અમદાવાદ
પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં
એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસમાં
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યું.
સંવત ૧૯૪૮—સને ૧૮૯૨.

કિંમત ૦—૩—૦

નેકનામદાર દિવાન બહાદુર.

મણીભાઇ જશભાઈ.

મુ૦ વડોદરા.

આપ નામદાર સાહેબ સ્વદેશનું હિત ઈચ્છનારા
છો, તેમજ વિદ્યાની વૃદ્ધિ કરવામાં ખંતિલા
છો. સર્વેને સુકૃત માટે ઉત્તેજન આપો છો,
વિગેરે વિગેરે આપના સુકૃત્યોથી આનં-
દિત થઇ, આ લઘુ (વિરક્ષેત્ર)
"વડોદરાનું વર્ણન" એ ના-
મનું પુસ્તક, આપનેજ અ-
ર્પણ કરૂં છું, તે સ્વિકાર-
શોજી. એજ અરજ.

વડોદરા
તા૦ ૨૦-૮-૯૨
ધીકાંટે કાછીયાપોળ

લી૦ શેવક
જેઠાલાલ ચુનીલાલ, જવેરી

શ્રી.

વડોદરાનું વર્ણન.

મંગલાચરણ.

(જખકેકલંદર બનબન ફીરકે—)એ રાહ.

વિરક્ષેત્રનું વર્ણન કરવા માતુ રજા હું માગુંછું; (૨)
સાહ્ય કરો બ્રહ્મ પુત્રી સારદા, પ્રેમે તુજપદ લાગુંછું;
વિરક્ષેત્રમાંહિ રાજ કરે શિયાજી મહારાજ. (૨)
રવનંશુ સદા રાખજે, સુખી શિરતાજ.;
કરતા જોડી માગે સહું ભારત સમાજ—વિર૦ વિર૦

વડોદરાના ઇસ્ટેશનથી ઉતર્યા પછીનો દેખાવ.

(ખુશ રહો સનમજા) એ રાહ.

સુણો વિરક્ષેત્રની, શોભા વર્ણવું આજે;
સૌ ભારતવાશી, ભ્રાત તમારા કાજે;
અમે ઈસ્ટેશનની; બહાર નિકળ્યાં જ્યારે;
આવી ત્યાં લેવા ઘોડા ગાડીઓ ત્યારે;
બેશી આવ્યા જ્યાં, દાણી દાણ માગે છે,
કરે રાહદારીને માફ, બીજાનું લેછે;
પછી આવિ હાઇ, ઈસ્કુલ જોવા જેવી છે;
અંબરની સાથે, બાથ ભીડે તેવિ છે;
તે પાસે રનું જીન, કાપુસ કચરે છે;

ગાંસડીઓબાંધી બહાર રવાના કરે છે;
ઈસ્ટેશન સામે, દિવાનબહાદુર રહે છે;
આગળ જાતાં ત્યાં ઘોડ દોડ આવે છે,
દરવરસે દોડાદોડ, ઘણી ત્યાં થાયે;
ઘોડાગાડીની સરત, મારવા જાયે;
ત્યાંથી નિરખ્યું મેં, કાંપ નજીક ગોરાનું;
ગાંહે વસે પારસી લોક, સુખી સૌ માનું;
પછી આવ્યાં જ્યાં છે, બાગ કમાટી નામે;
ઉતર્યા ગાડીથી હેઠ, ગયા તે ઠામે;

કમાટી બાગનું વર્ણન.

(શ્રી જગતપતિ) એ રાહ.

જુવો જુવો જઈ, આ બાગની મહીં;
સુંદિર શોભા મુખે કહુશી, હશે ન આવો કંઈ. જુવો.
દરવાજાની અંદર દેખું, અનુપમ ઉંચો મહેલ;
શ્વેત વરણ સોહાવે તેમાં, રચના ખુબ રચેલ. જુવો.
ત્યાંથી અંદર આગળ જાતાં, આવ્યો રીવર બ્રીજ;
પૂલ બાંધી ચોમેરે કીધી, બુરજીઓ અવધિજ જુવો.
વળી જોયું ત્યાં પાણી મધ્યે, પારેવા ખાનું;
હોજની ઉપર બાંધ્યું ઊંચુ, ચોગમ સુનાનું જુવો.
વળી સિંહોને રહેવા બાંધી, ગફા ઘણી ગંભિર;
વચમાં તેઓને રમવાને, માર્યા સ્થંભો સ્થિર. જુવો.
પશુ પંખીઓ જોવા માટે, પુર્યા જાત અનેક;

તેના પણ ન્યારા ન્યારા છે, રહેઠાણો એકેક. જુવો.
શાર્દુલો બાંધ્યા તે પાસે, મહા મોટાં વિકરાળ;
પીંજર માંહે ઘુમો પાડી, ભરતાં મહોટી ફાળ. જુવો.
તે પેખી પંથે પરવરતાં, ભુલવણી છે જાળ;
પેઠા પ્રેમધરી સૌ પંથી, મેદી કેરી માંહ્ય. જુવો.
ગુંચવણમાં પડીઆ સૌ સજ્જન, નિકળવા નિજ ઠામ;
છીંડું પાડી પંથે પડીઆં, રાણી હૈએ હામ. જુવો.
વળી વાગે ત્યાં મંગળવારે, વાજુ વિવિધ પ્રકાર;
ગોરા કાળા સર્વે આવે, સુણવાને તે ઠાર. જુવો.
અગણિત વૃક્ષો બાર અઢારે, પુષ્પ તણું નહીં પાર;
જોતાં જોતાં બાગ થકોનો, સર્વે આવ્યા બહાર. જુવો.

(બાઇ આપનું શરીર [illegible] વચનો બાગ) એ રાહ.

નિકળ્યા બાગ [illegible] આવિ સડક તામ;
પાસે સરિતા [illegible] નામ. નિક૦
જળ સુકાઈ [illegible] ઠાર;
સાગ સામે [illegible] નિક૦
પુરવાશી [illegible]
નાહીં થઈ [illegible] નિક૦
ત્યાંથીઆગળે [illegible]
નાગ ડકુરીન લેઉં, [illegible] નિક૦
એ સહુની શોભા જોઈ, પંથે સૌ પડયાં;
પોસ્ટ ઓફીસે અમેતો, આવિને અડયાં. નિક૦
સાંજને સવાર લેછે, સંદેશા તે ઠાગ;

ત્યાંથી આવ્યાં કોઠીએ જ્યાં, કચેરીઓ તમામ. નિકo

" કચેરીઓનો દેખાવ "

(હરિગિત છંદ.)

અહીં અમલદારો નેક ન્યાઇ, સર્વ સારા કહું કથી;
કરે ન્યાય નિતી રીતથી, અન્યાયનો અંશજ નથી,
દિવાન મુનસફ, મહાલ મુનસફ, સિટી મુનસફ સ્મોલને;
સરદાર, સિટી જડજને, વરિષ્ટ કોરટ ત્યાંકને,
નથી પ્લિડરોનો પાર ત્યાંહીં, એકથી અનેક છે;
દાવા તણી રમઝીટ ઉડે, જોવા જેવું ઠીક છે,
તે પાસ ઈન્સટિટયુટ ઇંગ્રેજી અતિ ઉત્તમ છે;
પેખો પછાડી મ્યુનિસીપાલીટી જોવા જોગ છે;
તે પુરના તમામ રસ્તાઓ, સફાઈ સૌ કરે,
ઊડતી ગરદ અટકાવવાને, પાણી પાખું પાથરે;
તે પાસ બાંધી જેલ મોટી, તે પણ જોવા જોગ છે,
ચોરી કરી ઝડાય જોતો, તેના પુરા ભોગ છે;
આ સર્વ જોઇ દુ:ખ ખોઈ, પંથે પાછા પરવર્યા,
ઘીકાંટે નંબર પેહલાની, નિશાળમાં પાઆ ધર્યા;
ત્યાં સાંજની સગીતકળા, નિત્યે નિશાળીમાં કરે,
અતિ ધારી ઊર ઉમંગ સુણવા, લોકો ત્યાં ફરતાં ફરે;
પાછા વળ્યાં ત્યાં જોવા પાડી, પુરનું જ્યાં પાણીવહે,
બંધાવ્યો તેપર પુલ ત્યાંથી, ચાલ્યાં જ્યાં બહુચર રહે;
તે જોવા મંદિર જોગ જાણી, જોઈને આગળ ગયાં;

આવિ ઉભા મહાદેવ મંદિર, કાગનાથા જે કહ્યાં,
દેવાય અગ્નિદાહ ત્યાં, સમશાન ભુમિ તેહછે;
તે પાસે આરો એક છે, મોઢે સરતે વખણાય છે,
ત્યાં લાલ લોકો મુકયા પોકો, જાફતો બહુ જાય છે;
ગ્રથ ખોઈ બેસે ગાંઠનું, ફજેતીઓ લુંટાય છે,
આ જોઈ પાછા પૂરબાણી, અમો સહુ પંથે પડયાં;
આવ્યાં જ્યાં ચિમનાબાઈ ટાવર, ચોમેરે કલાકો જડયાં.

ગરબી.

સારૂ સારૂરે સુરત સહેર— એ રાહ.

જુવો જુવો રે જગતના લોક, વડોદરૂં બહુ સારૂં.
ચોમેરે કલાકો ચાર, ટાવરને ધારૂં— ટેક.
મહારાણી ચિમનાબાઈ નામે, આ ટાવર ઓળખાયરે.
ઘડી ઘડી ઘડીઆળી વાગે, છે સહુને સુખદાય, વડો૦
ત્યાંથી ચાલ્યાં કોઠીપોળે, જોવા જીન મંદિરરે.
પાદ પખાલી અંદર પેઠાં, જીન પ્રતીમા તેતિર.— વડો૦
હિરા, મોતી, માણેક મઢતા, શ્રાવક શ્રીજીન અંગરે,
અતિ ઉત્તમ સૈ ઓચ્છવ કરતા, આણી મન ઊમંગ. વડો૦
હાંડી, ઝુમર, તકતાઓનો, નથી રહ્યો ત્યાં પારરે,
ભૂમિ પિઠે આરસ પાણો, પથર્યા લા'રો લા'રૂ.— વડો૦
દર્શણ થાતાં બહુ હરખાતા, મુખ જોતા મહારાજ રે,
આજ મનોરથ સર્વ ફળ્યાઅમ, સુધર્યાં સર્વે કાજ. વડો૦
તે જોઈને આગળ જાતાં, સુરસાગરની પાસરે.

જમના બાઈનું મંદિર આવે, નવું બનાવ્યું તાસ, વડો૦
ત્યાંથી આગળ જાતાં આવે, લાડબાદેવી સ્થાન રે.
તે પણ મંદિર જોવા જેવું, પણ જુનું મકાન.— વડો૦
સુરસાગર પણ જોવા જેવું, સરોવર શોભા સારીરે,
પ્રિત થકી સહુ ચિર પખાળે, હળી મળી નરે નારી. વડો૦
આ સરોવરનું પાણી સૌને, પિવાનું નહીં તુલ્યરે,
તે માટે નળ વાટે આવે, આજુવા નિર અમુલ્ય,— વડો૦
આ સરોવરને પગથીઆનો, નથી રહ્યા કાંઈ પારરે.
ચોગમ જાણે પથરા ઓની, દીસે લા'રોલાર,— વડો૦
સરોવર નિરખી બહાર નિકળીયાં, લેરીપર દરવાજેરે.
હલવાઈઓ ત્યાં હુંશે બેઠા, વકરો કરવા કાજે,— વડો૦
વેશ્યાઓનો વાસ બહુ ત્યાં, લોકોમાં કહેવાયરે,
અક્કલના ઓથમિર જનોની, લક્ષ્મી ત્યાં લુંટાય. વડો૦
આપાસે મારકિટ મજાની, હાલ હજુ બંધાયરે,
ઘેરાવો છે ગંભિર તેનો, મન જોવા મકલાય.— વડો૦
તેની પાછળ એક ઈંગ્રેજી, આવિછે ઈસ્કુલરે,
મહારાજાએ બંધાવિછે, ખરચી ને મહા મુલ.— વડો૦
વળી દીઠો ત્યાં બજાર દાંડીઆ, પીંજરા પોળ તે પાસરે,
નિરાશ્રીત પશુ પંખીઓની, ખબર લીએ સૌ તાસ. વડો૦
નજરે પાયગા ખાસતિહાં છે, અશ્વ તણો નહીં પારરે,
પાસે એક કચેરી સારી, સોભેછે તે ઠાર— વડો૦
તોપો ખાનું પણ ત્યાં છે જુનું, નિજ ખાણાની સાથરે,
અરિ ચઢી આવે જો ઊપરતો, બતલાછે વેહાય.— વડો૦

એ જોઈ આવ્યાં સહુ ગળીને, લેહેરી પુરની ગાંહ્યરે,
શેહર તણો દેખાવ દેખીને, આનંદ અંગ ન માય.—વડો૦

"લેહેરીપુર દરવાજેથી માંડવી સુધીનો દેખાવ.",

(મુજે છોડગલા બંજારા) એ રાહ.

આજે આનંદ ઉરમાં ભારી, નિરખી પુર શોભા સારી,
પેઠાં સૌ દરવાજે લા'રી, ઉભા દીઠાં સંત્રી સરકારી રે;
વા'લા પુરનું હિત વિચારી. નિરખી૦
કંસારા સામે કાપડીયાં, કોળાહળ કરે કાછીયાંરે,
બેશી વેચે તિહા તરકારી. નિરખી૦
આવ્યા ત્યાંથી નરશીંપોળે, ત્યાંતો મંદિર સહુએ ખોળેરે,
કરવા દરશણ નરનારી. નિરખી૦
નરનારી ભેળા જાયે, ખરે અઘટિત એ કહેવાયેરે;
આ નિતીની રીત ન સારી. નિરખી૦
પોળ સામેછે મંદિર સારૂ, નામે રાજા રાજેશ્વર ધારૂં રે;
છે તે પણ નૌતમ ન્યારૂં. નિરખી૦
ત્યાંથી આવી પોળ ઘડીઆળી, એક વડોદરા નિહાળી રે,
સામે દીઠી લાઈબ્રેરી સારી. નિરખી૦
પોળમાંહે ઝવેરીઓ રહે છે, ટંકશાળ રોકડ પાડેછે રે;
પાસે હોસપિટલ એક ધારી. નિરખી૦
પોળ બહાર ઝવેરી બેસે, હાથા આપીને કાનમાં લેસેરે;
કહે એકવઈ લ્યો આત્મારી. નિરખી૦
સામા સામી સરાફો બેસે, બોલે કુંપની છે કાય બેશેરે;

ભરી મોટી ફાંદ બહુ ભારી. નિરખી૦
ત્યાંથી આવ્યાં બહુ ઉલ્લાસે, શહેર ગધ્યેની માંડવી પાસેરે;
તેની પણ શોભા ન્યારી. નિરખી૦

" માંડવિનો દેખાવ. "

(રાહ ઓખાહરણની)

માંડવિની ગજા શી આ દેખું, લક્ષમી ખરચી બહુ લેખું,
ચોમેરે ત્રણ ત્રણ દરવાજા, તેની ઉપર માળછે ઝાઝા;
ચોથેમાળે ચોગમ ઘડીયાળ, સાયંકાળે દીવા બળે લાલ,
અગાશી છે તેનાપર એક, દીસે કાળીકા ત્યાંથી નજીક;
તેના ઉપર વૃતુલ આકારે, બરાવિ છે કમાનો બારે,
તેની ઉપર ધ્વજ ઉડે છે, વિરક્ષેત્રનો વાવટો એ છે;
મહારાજા હોવાનો એ ઉડેછે, બહાર ગામે ઉતારી તે લેછે,
શહેર શોભા તે પરથી જણાણી, લીધો વસ્તીનો જમાવ જાણી;
ઉતર્યા પછી હરખાતાં હેઠાં, જઈ નજર બાગે સૌપેઠાં,

"નજરબાગનો દેખાવ માંડવીથી પાણીના દરવાજા સુધી."

(ભાઇ પટારો કેમ ઉઘાડયો) એ રાહ.

નજર બાગની ન્યારી વાતો, રૂપમાં શી આપું આવાર;
ગગનો સાથે ગમ્મત કરતો, મે પેખ્યો આજે આ ઠાર.
સાતમાળ સુધી છે ઉંચો, અગાશી તેના ઉપર એક,
શ્વેત વરણ સોહાવે પોતે, ધારી મનમાં મોટી ટેક.

પગમા પથર્યા આરસ પા'ણા, તે ઉપર ફુંવારા હોજ,
જળબીંદુઓ ઉડે જોરથી, મહારાજા ત્યાં મારે મોજ;
મોગર જાઇ જુઇ ચંબેલી, ગુલ દાઊદીને ગુલ બાસ,
ગુલાબ ચંપા બોરસલીને, વળી કેતકી તેની પાસ.
ગંદવાયુની લે'રો સાથે, પુષ્પ સુગંધીનો નહીં પાર;
મગજ હમારૂં ઠરી ગયું ત્યાં, બરફ સમાને ઠંડુંગાર,
મહેલ ચોમેરે ગજવેલોના, ઝાડો ધાલી કીધો કોટ.
તે સાથે કદલી આંબાની, લા'રેની નહીં રાખી ખોટ,
વળી મહેલ નિચે ભૂમિગાં, દીઠું બોગરૂં અચત્રિ એક;
તે માંહે સંગેમર મરના, ખુરશી કોચો ખાટ અનેક.
ત્યાંથી ઉપર જોવા ચઢીયાં, એક એકથી સુંદર હાલ;
બેહેરા કાચ જડેલા બારે, જોઈ વળ્યાં સૌ સાતે માળ;
સાતેમાળ સુધી બહુ રંગી, ભૂમિ જડીયાં આરસપા'ણ;
દિવાલો પણ દેખી તેવી, આહા? હું શું કરૂં વખાણ;
આરિશા હાંડી ઝુમરને, ખુરશી કોચોનો નહીં પાર;
કંચનવર્ણી છાટ કરીછે, નિરખી આ ઠામે નિરધાર;
અગાશી ઉપર જઈને જોયું, થરથર કંપી સૌની કાય;
હાથ ઝાલી ઉતર્યા સૌ હેઠાં, આવિ બેઠાં અગાડમાંય;
મહારાજાની મરજી મુજબ, આ અગડમાં મસ્તી થાય;
મલ્લકુસ્તીમાં જીત મેળવે, તેને ઈનામો અપાય;
મલ્હા'રરાવ મહારાજે બાંધ્યો, નજરબાગને મો'ટો મ્હેલ;
શિયાજીરાયે સુધરાવ્યો, જેમાં રચના ખુબ રહેલ;
અખંડ રહેજો આ અવનિપર, મહારાજાનું રૂડું રાજ;

યુવરાજને અમર રાખો, હસ્ત જોડી માગુંછું આજ;
નજરબાગની સામે દીસે, કાકાસાહેબનું જે સ્થાન;
તે પાસે આવી સૌ ઉભા, ખાધા સોપારીને પાન;
સાથે સેનાપતિ સાહેબની, કચેરી જોઈ અમે તમામ;
સૈન્ય તણા સઘળાં કામો ત્યાં, દાખે રાખી પૂર દમામ;
તે પાસે તોપખાનું છે, તેમાં ચાંદી સોના તોપ;
શત્રુઓનું શિરચ્છેદવા, રાખી ઉભી મનમાં રોપ;
એ જોઇ ચાલ્યા અમે બધાઓ, પાણી દરવાજાની બા'ર;
રાજી સરોવરની સંગાથે, દીઠી હસ્તિઓની હા'ર;

પાણીના દરવાજા બહારનો દેખાવ.

(ગીતિ.)

આ દરવાજા બા'રે, રાજી સરોવરની શોભા સારી;
આરા સારા બાંધ્યા, નિર ભરે ત્યાં પ્રેમે નરનારી;
ગજવર ત્યાં મહા મોટાં, બંધાએ છે નિજનિજના સ્થાને;
દશેરાની સ્વારીમાં, શણગારી સઘળાં પૂરમાં આણે;
સૌને જરીની ઝુલો, ઉપર અંબાડી અનુપમ ઓપે;
કંઠે ઘુઘરમાળા, ચાંદ સુરજ રૂપાના શિર રોપે;
વળી મહાવત હસ્તીને, ઉપરથી આખા અંગે રંગે;
હસ્ત ગ્રહી અંકુશો, ચલાવતાં મહાવેગે ઉમંગે;
કંચનની અંબાડી, હસ્તી પીઠપર નાખી પૂર વિષે;
મહારાજા જવ બેસે, ઐરાવતપર ઇન્દ્ર તુલ્ય દિસે;
એવો ઠાઠ અહીંયાનો, અમો દેખીને આગળ સૌ ચાલ્યાં;

આગડ પાસે આવ્યા, ત્યાં દેખ્યાં હસ્તી, પાડા ઝાલ્યાં;

આ સ્થળે હસ્તી, પાડા, વિગેરેની સાઠ મારી થાય છે.

ઈંગ્રેજી રાહ.

હાથી પાડાઓનું ચાર, યુદ્ધ થાય છે;
હારે છે તે બુમો પાડી, નાશી જાય છે;
મહાવતો રૂમાલથી, સૌને સતાવતાં;
ખીજવી લઢાવવાને, નાસી સૌ જતાં;
શીશે હાથી પાડાઓ, આવિને ભેટતાં;
મસ્તકોને સામસામી, ખુબ કુટતાં;
છુટા પડે ન કોઇ, ત્યારે બાણુ છોડતાં;
પગે ચિપીયા ભરાવી, ઝાલી લઇ જતાં;
અન્યદેશીઓને કોઈ, જોવા આણજો;
સાઠમારી જોવા જોગ, ખુબ જાણજો;
ભુંગળો ભીડીને ભારી, કોટ બાંધીઓ;
હસ્તીઓ ન નાશી જાય, સુણો સાથીઓ;
અનેક જાતીનું ત્યાં યુદ્ધ, ઠીક થાય છે;
દેશીની ઉદાશી સર્વ, દુર જાય છે;
ત્યાંથી ચાલ્યાં સૌ મળી, સરકારી મિલગતે;
આવિને ઉભા રહ્યાં, આનંદ દિલમાં;

સરકારી વડોદરા મિલ.

(છેજન ગાલક ટાલક દુઃખનો) એ રાહ.

આ મિલમાં કાપડ નિકળે છે,(૨) વેચે તે પુરની માંહેરે;
આથી સરવે સુખી થાય, જેને જોઈએ તે લઈ જાય;
મૂલ્ય વધારે નહીં કહેવાય, એવો ધારો આંહેરે. આ૦મિ૦
વળી ગરીબ તણી રોજી ચાલે, હુન્નર શિખવી પૈસા આલે;
જેવિ મિલોની છે રીતે, તેથી સારી માનો ચિત્ત;
નિજ પ્રજાનું માને હિત, મહારાજા મનમાંહેરે. આ૦મિ૦
તે જોઈ આવ્યા સહુ ગાડીઓ, પછી ગેંડી દરવાજે ગઈઓ;
ત્યાં પણ જોવા જેવો લાગ, પણ જોતા નહીં આવ્યો તાગ,
રસ્તામાં ચિતરાને વાઘ, દેખી ડર બહુ થાયરે. આ૦મિ૦

(ગઝલ)

દરવાજાની માંહે દાણા. વેહેપારી વેચતાં.
લોકો ખાવા યોગ્ય ત્યાંથી, સહુ લઈ જતાં.
પૂર્વ દરવાજાની બહાર, ગેંડી બાંધતાં.
સ્વધામે પહોંચી જ્યારે ત્યારે, ત્યાંજ દાટતાં.
દરવાજાની બાર બેસે, કંદોઈ કાછીઆં.
તેલી તંબોળી ને ઘાંચા, ઘાંચી ને ધીઆ.
અહીં એક તોપખાનું, અન્યછે વળી.
તેતો મીયાં મહગદની, વાડી નીકળી.
ગોપાળ મલ્હાર શેઠ, વાડીમાં વસે.
તે સાથ ગણપતિનું દે'રૂં, બહુ રૂડું દીસે.
સ્વામી નારાયણનું, મંદિર પણ તીહાં.

પાડ્યું સરોવર એક, જોવાને ગયાં.
ત્યાંથી આવ્યા આગળજો, આવ્યુ ઈસ્ટેશન.
નામે ગોવાગેટ તેનું, જોઈ હર્ખ્યું મન.
ત્યાંથી જાય સૌ ડભોઈ, દેખવાને કાજ.
તીહાં પણુ ચાલે રૂડું, મહારાજાનું રાજ.
ગધ્ધા ચારી આવિ જ્યારે, આગળ સહુ ગયાં.
અશ્વા ખાસ પાયગાના, ખુંખારી રહ્યાં.
સામે સેનાધિપતિનો, મહેલ બાંધીઓ.
અમને તો આ મહેલ જોઈ, થાક લાગીઓ.
વિસામો લઈને પાછા, આવ્યા માંડવી.
સરકારી હવેલીઓ તો, જોઈ કાઢવી.

માંડવિથી સરકારી હવેલીઓનો દેખાવ.

(વિનતી ધરજો ધ્યાન) એ રાહ.

દીસેછે હારો હાર, હવેલીઓ દીસેછે હારો હાર. ટેક.
અહીંથી ચાંપાનેર દરવાજે દેખો, બને બાજુ એક લાર. હવે૦
ભૂમિથી બાથો બીડીને પોતે, ગગને કરે ગુંજાર. હવે૦
છજા ઝરૂખા ડોકીઆં કરતાં, જોઈ રહ્યાં આચાર. હવે૦
ચોતરફે ચોકડીઆ વાગે, હર્નીશ સાંજ સવાર હવે૦
રજનિએ રોશની નિત નિત થાએ, નાચે નાઈકા થૈકાર. હવે૦
બંદીજનો સૌ ખુમો પાડી, બોલે જય જયકાર. હવે૦
હવેલીઓમાં ઊત્તગરીદ્ધી, આવે ન લખતાં પાર. હવે૦
કહોથી ન્યુનતા હોય ક્યાંથી, રાજતણા દરબાર. હવે૦
મહારાજા મન અતિ આનંદી, ઉરમાં નહીં અહંકાર. હવે૦

અનિચળ રીઢ્ઢી આ રાજનીરે જો કરજોડી કહું કીરતાર. હીં૦
યુવરાજોને અમ્મર રાખો, પામે તે સુખ સંસાર. હીં૦

સરકારી હવેલીઓથી ચાંપાનેર દરવાજા સુધીનો દેખાવ

(સાડતીન પૈસેશેર દુધી ના બેચુંગી) એ રાહ.

અમો આરીઢ્ઢી જોઈને, સર્વે આગળ આવ્યારે;
સર્વે આગળ આવ્યારે, સર્વે આગળ આવ્યારે. અમો.
સરકારી હવેલી સામે સેનાપતિનું ધામ;
તેમા પણ રચના છે ભારી, અરથી કીધું કામ. અમો.
પુસ્તકશાળ તેની સામે પેખી ઉત્તમ એક;
પુસ્તકોછે પારવનાના, શુભ જેના અનેક અમો.
મહારાજા અધ્યન કરે આ, શાળા કેરી માંહ્ય;
કહો સુબુદ્ધી કેમ ન આવે, બ્રહ્મપુત્રી મહીમાંય. અમો.
તે સામે તિજોરી સારી, રોકડથી ભરપુર;
પુરબૈયા પહેરે ગીરો છે, કોની ત્યાં મગદુર. અમો.
લલ્લુભાઇનું મકાન જોઇને, આગળ ચાલ્યા તામ;
દરવાજો આવ્યો ત્યાં દીઠો, ચાંપાનેરી નામ. અમો.

ચાંપાનેર દરવાજા બહારનો દેખાવ.

અમરફળ આવ્યુંઆ શુ તેનુંતો કરવુંરે. એ રાહ.

ચાંપાનેરી બહારનો, બનાવ બહુ સારોર;
કાપડ વેચાય નવો, બજાર તે ધારો રે. ચાંપા.
અનેક તરેનું તીહાં, કાપડ વેચાયરે;
મારવાડી મન માન્યો, નફો બહુ ખાયરે. ચાંપા.

દરેક શુકરવારે, ગુજરી ભરાયરે;
સારો માલ સુંઘાગાં, ખરીદવાને જાયરે, ચાંપા.
તેની આગળ આવ્યું છે, ફરે પરૂં નામેરે;
દારૂખાની વખારો દેખી તીહાં ઠામો ઠામેરે. ચાંપા.
વહેપારીઓ સારા આંહી, વહેપાર કરે છેરે;
માલ મનમાન્યો ભરી, મલકાતા ફરે છેરે. ચાંપા.
જૈનનું મંદિર એક, પાસે જોવા જેવું રે;
અંગમાં ઉમંગ આવે, જાણે આહીં રેહવું રે. ચાંપા.
પાસે સરોવર એક, સરશીકું નામેરે;
તાબુત ગણેશ બહુ, ડુબાડે તે ઠામેરે. ચાંપા.
તેની પાસે વારશીકું, સરોવર સારૂં રે;
વળી કેદખાનું તીહાં, સિપાઈને વારૂંરે. ચાંપા.
પાડા પણ આવી તીહાં, પેખ્યું નીર જાતાંરે,
સુંદર દેખાવ જોઇ, આનંદિત થાતાંરે. ચાંપા.
ભુતડીનો ઝાંપો પાસે, બહુ વખણાયરે;
હાથીઓ બંધાય તિહાં, આગડની માંયરે. ચાંપા.
પાસે કેદખાનું દમામ, ભરેલું દીસેરે:
શત્રુઓનું નામ સુણી, રીશે દાંત પીસેરે. ચાંપા.
સાંજને સવાર પહેરા, બહુ કરે છેરે;
શેનાપતિની આજ્ઞા, સ્વમસ્તકે ધરે છેરે. ચાંપા.
સંચામેં દીસેછે સુરા, શાણા સૌ શીપાઇ રે;
દુશ્મનોતો દેખે જાણે, ખરે જશે ખાઇરે. ચાંપા.
આસડી એકાદશીને, ગણેશ દશરા એરે;
સ્વારીમાં સૌ સાથે ચઢતાં, પેહલાતો પાયેરે. ચાંપા.

અમો ચાલ્યાં પેખી પાછાં, જોવાં બીજાપા મોરે;
તેના પણ ન્યારા ન્યારા, નકત્તગ સુગુંજે નામોરે. ચાંપા.

શહેરના નગ્રશેઠ.

(ગીતિ.)

શેહરતણા શ્રેષ્ટિઓ, ચતુર્થ ગણ્યાંયાં મહા મોબાદારી,
નામ વદુ તેઓના, પુરતણી સૌ પ્રગત સુણો પ્યારી;
હરિભગ્ત, પ્રભુકાશી, ખુશાલચંદને, ગોપાળરાવ ભલા'.;
છે આ શહેરે સ્થંભો, ચતુર શેઠીયા સર્વ ગણી એ ચાર.

મોતીબાગ, મસ્તુબાગ, અને ચીમનબાગ.

(દીલદારી કીનીરે) એ રાહ.

શોભા બાગોની સારીરે, જોઇ આ ઠામે, (૨)
સુખપામે, આધામે, દુઃખનામે, જાઇતામે;
સૌનેછે સુખાકારીરે. સોભા.

હાલ નથી એમાં કાંઇ હેવું, રાજ્ય મહેલ મકરપુર જેવું,
તેજાણી, ઊરઆણી, સૈલાણી,
ગયોતાણી, અમને આ વારીરે. સોભા.

મકરપરાના બાગનો દેખાવ.

[સ્વસ્તી શ્રી સ્નેહપુર શહેર સોભા સારીરે]એરાહ

શો આ મકરપરાનો મહેલ, જોવા જેવોરે;
જાણે અવર છે ઇન્દ્રાપુર, ઓપે તેવો રે—ટેક.
દરવાજે બેઠા ચાર, સિંહો સારારે,
તેના દરવાજાની માંહે, દીસે ન્યારારે. શો આ૦
સોભે સડક સીધી ચોપાસ, મહેલને ફરતીરે,

લીલી સાડીઓ ધરણી માત, અંગે ધરતીરે. શો આ૦
બંને બાજુ દીઠા બે હોજ, મહેલને અડતાંરે;
હોજની માંહે બીંબ અનેક, પાણીમાં પડતાંરે. શો આ૦
એક હોજની અંદર એક, સો છે ફુંવારારે,
તેની ફરતાં છે બીજા સોળ, તે પણ ન્યારારે. શો આ૦
તેની પુઠે છે બાવલાં આઠ, ઊભા કીધાંરે,
એક એકના હસ્તની માંય, ઓજાર દીધાંરે. શો આ૦
તેના ફરતી બાંધી છે સડક, આરસપાંણેરે,
જોઈ લેજો શેત્રંજની ભાત, જાણે આ ટાણેરે. શો આ૦
તેનો ચિત્ર દીસે પણ તેજ, નહીં તે ઊતરતોરે;
પણ ન્યારો ધરી દરવેશ, હોડ તે કરતો રે. શો આ૦
ઊભું કીધું છે સાબર એક, હોજની સામેરે,
તેની કારીગીરી છે અપાર, દીઠું આ ઠામેરે. શો આ૦
મહેલ પુઠે બનાવ્યું બેસ, પિંજર પહોળુંરે,
જેનો ફેલાવો ફરતો ચોગેર, લાંબુને પહોળુંરે. શો આ૦
તેની પાડોસે બંગલી એક, જોવા તે જેવીરે,
આપે આવે છે તેને આરામ, એ જોઈ લેવીરે. શો આ૦
પછી જોવા ગયા ત્યાં પા'ડ, કરબિગ કીધોરે,
તેને ફરતો પા'ણોની સાથ, જકડી લીધોરે. શો આ૦
માંહે ગુફા ઘણી ગંભિર, ઊંડી ઊતરવારે,
તેમાં બેસાર્યો જોગી એક, ધ્યાનને ધરવારે. શો આ૦
પા'ડ વચે વહેતું નિર, નિરખ્યું આ વારેરે,
જોઈ વાંનું નજીક તળાવ, નિસર્યા બહારેરે. શો આ૦

મકરપરાના મહેલની અંદરનો દેખાવ.

[ગીરધારીરે વાત કહું તે વિચારો] એ રાહ.

અતિ ઉત્તમરે, આ મહેલ જોવા જેવો, હશે અવનિમાં નહીં એવો;
રચના છેરે, અનેક તરેની આહીં, નથી રાખી કમીના કાંઈ.

"ઝુલ."

એક એકથી હાંસો હાર્યારે, જોઈ વપુના દુઃખ વિસાર્યારે;
ધરણીપર આરસ ધાર્યારે, હું કહું છું રે—નમે ન દીઠા તેવા. હશે૦
એક માંહેરે, ખંડેરાવ બિરાજે, છબી માંહે રૂડાં છાજે.
તેની સાથેરે, હોલ કહું એક સારો, તેમાં પણ છબીઓ ધારો.

"ઝુલ."

ગત રાણી જોડે મહારાણીરે, લીઓ સામે તારાબાઈ જાણીરે,
જમનાબાઈની જોડે વખાણીરે, જોઈ ચાલ્યારે.—કુકીંગ યંત્રને કાજે. છ૦
આ યંત્રેરે, અનેક તરેની રસોઈ, પાકે છે તે સહુ જોઈ,
નગ્ન મડમનીરે, આહીં છબી એક ન્યારી, પેખે સૌ ધારી ધારી.

"ઝુલ."

ખુરશીઓને કાચ બીલોરીરે, ખુણીઆની શી કારણી કોરીરે,
મધ્યે ફુંવારા ખેલેછે હોરીરે, ત્યાં જોઈરે, વાઘને હીંમત ખોઈ. પાકે૦
સુરરાજાની, તસવિર પણ ત્યાં દિસે, ફતેસિંગજી ઉભા દિસે,
મહારાજાની, સાથે મે જોયાં આજે, ભાઈ સંપતરાવ બિરાજે.

"ઝુલ."

શોભે શયન ભુવન બહુ સારૂંરે, તીહાં કોતરણી ઘણી ધારૂંરે,
વધું સોનેરી કામ વિચારૂંરે, ઈન્દ્રાસનરે, આ ચઢીઆ આ દીસે. ફરે૦
ઝગઝગ ત્યાંરે, સર્વે જગાએ જોતાં, દુઃખીયાં દેખી દુઃખ ખોતાં,
મહેલ માંહેરે, વિજળી રોશની કરતી, ફરતાં તીમિરને હરતી.

"ઝૂલ."

ઘણું સરસ ત્યાં સિડિ બાંધીરે, બંને બાજુએ સરખી સાંધીરે,
તીહાં સુંદિરતાં ઘણું વાધીરે, એ જોઈરે, હેહાં આગે તો ભરતાં ડુગી૦
આ હેકલરે, હજુરકોટ છે સારી, મહારાજા ભરતા ન્યારી,
રાજા કાજેરે, આંહી ખુલાસા થાગે, અપિલો સૌની વંચાયે.

"ઝૂલ."

તિહાં ફેંસલો આપે ત્યારેરે, અમે જોયું ગયા ત્યાં જારેરે,
પછી આવ્યા અમારે ઉતારેરે, આનંદેરે સૌને છે સુખકારી. ગહુ૦

લક્ષ્મિ વિલાસ રાજ્ય મહેલનો દેખાવ.

(સાંભળો સાહેબ અજબ તડાકા) એ રાહ.

રાજ્ય ગહેલ આ રૂડો દીસે, બાર માઈલથી એ બહાદુર,
એકાદશ માળે છે ઊંચો, ચઢવા કોની ત્યાં મગદુર.
સવારથી જોવા પેસે તો, સાયંકાળે નિસરે બા'ર,
પગ થાકીને પાકી જાગે, બેસી જાયે તેની હાર,
આણુગણુતી પૈસો ખરચ્યો છે, મ્હેલ ઊપર આ મહારાજે,
ઇન્દ્ર ભુવનમાં હોગે રિદ્ધિ, હેવિ રીદ્ધિ જ્યાં છાજે.
અંદર સંગે મરમર સારા, ઠામે ઠામે કોતર કામ,
છત ભિંતો સોનેરી સઘળે, ચિતારાની હવખિ હામ.
કાચ તણાં ઘુમ્મટો કીધાં, રંગા રંગી તીહાં તમામ,
બા'રી બારણાં સઘળે સ્થાને, કાચ કાચ બીજુ નહીં નામ.
આરસના થંભા નિસરણી, વળી લોહ લાકડની જાણુ,
હોંસો મધે લટકે ઊંચા, ઝુમ્મરો શું કહું વખાણુ,
વિમાન અવધિ એક બનાવ્યું, કળથી ઊંચુ નીચું તેહ,
મહારાજા બેસીને જુવે, મહેલ તણી રચના છે જેહ,
અગણીત હોંસો આ ઠેકાણે, ગ્ગાભુગા પામે કોઈ ન પાર,

સઘળાં શણુગારીને મુક્યાં, ધન્ય કૃતિ હાવી કરનાર,
પુસ્તકખાનું મહારાજાનું, ઊલગ જોવા જેવું એક,
તે માંહે આરસમાં ઊભી, ઘડીઆળી નિજ ધારિ નેક,
સૌ કરતા સોભે છે સારૂં, ન્યારૂં રાજ કચેરી કાગ,
ઊપર નિચે, આજુ બાજુ, સોનેરી છે ઠામોઠામ.
આસપાસ કઠેરો કીધો, સંડલ કોચી તરે' તમામ,
તાસ બનાવ્યું તેમાં કીધી, કોતરણી ખરચી બહુ દામ.
સોનેરી ચેરો સઘળી ત્યાં, એક એકથી ઊંચી જાત,
સઘળે દેખું ચિતર કોતરણીને, બિબાઓની ભાત,
રાજ્ય મહેલ રહીઆળો બાઈ, છે આ સાચે સાચી વાત.
અમો નિહાળી નિકળ્યા ત્યારે, કઈંબ કઈંગ વાગ્યાં ત્યાં સાત.
બા'રે પથ્થર ભિંતે પડદા, ચિતર્યો પથરાઓથી જેહ,
પથ્થર કડકે માણસ કોર્યાં, રંગ રંગના દીઠાં તેહ.
આચરજ પામી સહુ દુઃખ વાગી, આવ્યા હુનરશાળા માંહ્ય,
આ ઠેકાણે અનેક તરેહનું, સૌને ઊત્તેજન અપાય.

કળા ભુવન.

[ચલન કર ભલે માતા બાત સુન તું લે] એ રાહ.

હુનર કળા અતિ, કરે દેશમાં છતી (૨)
સ્વદેશીઓના બાળ આવતાં, શિખતાં હુનરોએ ભાવતાં,
આપે ઈનામ, સૌને તે ઠામ, ભૂપતિ શુભ મતિ. કરે૦
અનેક ઓજાર આહીં વારે, ખરચી દામ શિખવતાં ખરે
સૌ સગતુલ્ય, ગણી અમુલ્ય, અર્પે સુખ ચિત. કરે૦
હવે અમારા દેશમાં જશું, જોતાં જેવું છે નહીં કશું,
હોયે જો વાંક, ગણુ હું માફ, સુત શશિ અતિ. કરે૦

સમાપ્ત.

કજીઆબાઇ, તથા કરકશાબાઈનો પ્રારસ.

સ્થળ—કપુરચંદનું ઘર.

પાત્ર—કજીઆબાઇ, કરકશા, અને વિદુષક.

કરકશા—કેમ ક્યાં સાંભળોછો? તેતી કીધું છે તે યાદ છે કે નહી? આ કોવાડા જેવા, પગ લઈને તે ક્યાં સુધી ફરૂં, છેકજ હૈયું ફુટી ગયું છે?

કજીઆ—રાંડ હૈયું ફોડ કે કરમ ફોડ, ગમેતે કહેને, કાંઈ ચોરી કરીને તારા પગમાં બેડીઓ ઘાલું, રાંડની ઘરમાં આવ્યાં એટલીજ વાર, કચ, કચ, કચ, જાણે કુંઝરી બાસવા માંડી, કરમ, બામનાગી કોણ જાણે ક્યાંથીએ મારા કરમે ભાગી છે.

કરકશા—પાઘડી બળ્યા આંખ્યો ફુટીતી, કોણ તને ખોળા પાથરવા આવ્યું તું કે તું પરણવા આવજે, ભોગ તારા ને તારા બાપના, કુંઝરી હતી તો મારા મા બાપને ભારી હતી તેમાં તને શું લાંછન હતું.

કજીઆ—રાંડ લુચ્ચી રાંડ પાઘડી બાળ્ય તારા ભાઈની, રાંડ એડી માથા મુંડી ના બોલ્યાં ત્યાં સુધી.

કરકશા—મારા પીટયા જીભડી સંભાળીને કાઢજે, નહીતર જીભડીજ તાણી લઈશ, વાંસામુઆને રળવું નહી અપવું નહી ને હોજરામાં તો સારૂં સારૂં ઘાલવા જોઇએ, સારા સારા લુગડાં રોજ પહેરવા જોઇએ, અને રળવાનું ક-

હીઓ એટલે સાવ હાડકાંજ ગળી ગયાં.

કજીઆ—રાંડ વાંઝણીની, તારાભાઈ બાપ મરે, રાંડ મેણા મારે છે, રંડા હું લાવીને નથી ખવરાવતો તો તારો કયો બાપ તને ખવરાવે છે.?

કરકશા—મરે ને તારા વા'લા હોય તે મારા રોયા મારા ભાઈ બાપ ક્યારે તારે ઘેર મોં વાળવા આવે છે, રોયા કુતરા પેટ ભરે છે તેમ પેટ ભર, ને લોકોના લુંડી ધંધા કરતો ફર, નહીંતો ખીસા કાતરવાંનો ધંધો કર એટલે તારૂં હોજરૂં ભરાશે, કેમ'તારા બાપે ડાં'ગ દીધા નહીં ને કુ-ટી મુક્યો, હાદેજ ડાં'ગ દેવાનો છે ને, ચાર ચાર વખતનો હાલીઆમાં ચાહ પીવા જોઈએ, ને હુંગળુંતો જુદું.

કજીઆ—કેમ કુલ બ્લેગડ, રાંડ લે હવે જંપવા ના દઈશ, હુંતો આરીણુ ખાઈને મરી જાઉં છું, પછી તા-રા બાપનો છેડો વાળી રહજે. (માથું કુટે છે)

કરકશા—પાચડો બળ્યો, જ્યારે કહીનું ત્યારે આરીણુ ખાઈ મરી જવાનીજ બિક બતલાવે છે, ખાને મારા રો-યા દશગણું કાં ખાતો નથી, એક દાડો તારા બાપનો છેડો વાળી બેશીશ પછી, શું આરીણીઓ થઈ ગયો છે તે મને કયાં ખબર નથી.—

વિદુ—ભાભી સાહેબ હવે આ તેલને લોટો, શેઠ આરીણુ ખાશે તો ઉપર ચાહ પીવા જોઈશે, માટે આ તે-લ પાજો એટલે તમારૂં કાળજું ઠંડુ હેમ જેવું થશે" પ-છી કોઈ દી શેઠ તમને લડવા કે મારવા આવનાર નથી.

કરકશા—જાને મારા રોયા તું વળી ક્યાં દેવતામાં ધીઇ હોમ છે.

વિદુ—(શેઠને) ભાઇબંધ શું જોઇ રહ્યા છો, એનો હુગ, દેવાજ માંડો,

"ભુખે જાર બાજરી ને ભુખે નાર પાધરી."

કરકશા—આવે તો મારો રોયો મારવા કાંડાજ કાપી લઉં, પાંશા મુઓ જેને તેને દારૂડીઆની પેઠે મારવાને મોજો બાંડવા જાય છે, તેમ અહીંઆ ચાલવાનું નથી તો.

વિદુ—ભાઇબંધ આશું અરેરેરે મારા તો કાનના કોડીઆ ખરી પડ્યાં, મારા જેવો ધણી મળ્યો હોત તો હમણાજ રાંડની બોચી બેસારી દીએ.

કજીઆ—તારી માંનુ પેટ બળે રાંડ લે આવ સેતીજા, (જોડા ફેંકે છે.)

વિદુ—ભાભી, ભાભી, હમ શું જોઇ રહ્યા છો એતેતો હેજ દેખાડે સીધી, એ શીવાય ભાઇબંધ પાંસરા થાય મ નથી?

કરકશા—(ખાસડું લઇ) લે આવ મારા રેયા માર જોઉં? (ખાસડે ખાસડે શેઠને મારે છે.)

કજીઆ—લે રાંડ સેતીજા, લે રાંડ સેતીજા (બહુ વાગવાથી) વોય વોય માડી મરી ગયોરે, ભુલ્યાં ભુલ્યો ભુલ્યો, નહીં બોલું મને મુકી દે મારૂં આમડું ભાગી જશે.

વિદુ—કાશકે મારા પેટમાં હવે ટાઢક થઇ; આજ રાત હવે ગચ્છતી કરી જાઉં; નહીં તો પાડાઓની લડાઇ-

માં, ઝાડાનો ખો નીકળી જશે. (જતો રહેછે.)

કરકશા—લે મારા રોગા હવે તારા ઘરમાં મા'રે રહેવું નથી, હું તો મારે આ ચાલી મા'રે પિયર, હવે કઈમાં તને રોટલો ટિપી આપે છે તેનો જોવું,

કજીઆ—જાને રાંડની કાલ જતી હતી તો અત્યારે, હું પણ બાદા પાસેથી રૂપૈઆ લઈ મુંબાઈ વિગરે દેશમાં જઈશ, તારા જેવિતો સતરસો કાગરો લાવી ઉભી કરીશ શંખણી રાંડ કરકશા.

કરકશા—કજીઆનું મોંઢ કાળું મારા રોયા લે હું પણ જતી રહું છું.

(બંને જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—કપુરચંદની દુકાન.

પાત્ર—કપુરચદ, ગાંડીઓ, અને પછીથી, કજીઆભાઈ તથા વિદુષક.

કપુ—એ ગાંડીઆ ઘડે હાલ્ય ઘડે, બાસણું બપોર થવા આવ્યા પણ હજુ સુધી મો'ટા માડો દીકરો સુતો નહીં.

ગાંડી—એ બાદા તમારો દીકરો ઘરે ને ઘરેજ ગરી રહે છે, કાણુ જાણે બાળીએ શું કંઈ મનમાં હીણો છે, ને લડે છે તારે તો જાણે મા દીકરો!

કપુ—મેડ મેડ વાંઝણી ડાંડના બોલતો મેડ દિકડો ગાંડો કે તાડો.

ગાંડી—એ અદા અદા આપડે ઘેર પાડો વિઆણો છે તેને બે બકરીઓ આવી છે.

કપુ—મેડ મેડ ગાડા હાડા બોલતો મેડ, કોઈ હાંબડશે તો એ મશકડી કડશે, વડી પાડો તે વિઆતો હશે.

ગાંડી—તારે અદા તમે કુકડીના કે કુતરીના બોલો જોઈએ—

કપુ—વોગ ગાડો હાડો જબડોભાઈ અડોબડ બાંદર્યાં, જો આમેટો કુટડીના નવી પણ કુકડીના

ગાંડી—મારા અદા કુકડીના, કુકડીના, કુકડીના,

કપુ—(તેને પકડી) થુ, થુ, થુ, વોગ ગાડા દીકડા, મુગ પાક્ષ માં, લે એક પઈ ડઊં, આગડું બોલાઈ ગયું ટટેમાં ગાડા હાડા ફૂજેટીહાની કડે છે.—કોણ જાણે જાડે ગડીરે ટાં કોગડીજ આવે છે—

કજીઆભાઇ—(પ્રવેશ કરી) કેમ અદા ગાંડીઆને કેમ વઢો છો?

કપુ—ગાડા હાડા આટાર સુદી ઘડે શું હજાગટ કડી, બપોડ ડ્હા આવ્યા ટે કાંઇ હગજણુ પડી. (જવા માંડે છે.)

કજી—જહાનમાં ગયું તમારૂં ઘરને બાર, રૂપૈયા દેતા જાવ, જાવ છો કયાં.

(છેડો પકડે છે.)

કપુ—અડે પન બાઝેબ્ખશું કડવા. ટાડે શું બ્ખે ટેટો કહે.

કજી—એમ નગી રહેવું મારે તો તમારા ઘરમાં તેની વાત શી?

કપુ—પન છે શું ટેટો બોડચ.

વિદુ—(આવી) એ કપુરચંદ કાકા, એમ નહીં બોલે, જરા કેસરી પાક આપો એટલે ઝટ હા કહીદેશે.

કજી—જાને સાળા તારે પરણી શી પંચાત છે તે વચમાં બોલું છું. (આદાને) આહા મારે મુંબાઈ, કલકત્તા આગ્રા મુર્શિદાબાદ કાશી વિગેરે શહેરમાં પ્રાવેસીંગ કરવા જવું છે, માટે હવે બનેરૂપીઆ દીઓ?

કપુ—વોય બાડા બાપ, હાવા નાગરો આજેજ હાં બાગ્યા, ટગારા હગ, ગંબાઈ, કડકડતાને, ઘાબ્ધાને મુરકે બાદ કડીને, હાવા નાગ પાડતાં તે ચકલાગણે કેમ નહીં આવિ હોય, આપડે ટો કાંઇ જવું નઠી આહીંઆં ખાઇપીને મજા કડો એટલે બસ, લાં (શું ટાઢી વાળવી છે?

કજી—ગોઢેગ, દીઓ છો કે નહીં, (ધબ્બો મારેછે)

કપુ—વોય મારા ધડમાં ગોઢેગ ગરી ગયું, બાપલીઆ બાડા ધડમાં ગોઢેમ શું? (કજીઆભાઈ મારે છે) વોય માર કાં, બાડા દીકડા ટાડા બાપનું ચામડું બગડે છે, બાડા હાડા ઈંગડેજી ભણી ગયા એટલે, ગોઢેમ, ને બુટને મોજાને, ઈસ્ટાકીનને, કોટને પાટલુનને, આંખે અંધારીઓને બધું કડતા શીખ્યાં, ધયડાને ગઢેડા ગણી રોફ બાડતાં આવડે છ તે કાંઈ ઓછી વાટ છે.

કજી—વિશીયું ગીવમી ઓર નોટ, નહીં તો પેટી ખુંચવી લઉં છું—(પેટી ખેંચે છે)

કપુ—વોય પેટી ખેંચમાં, તને નોટ દઉં છું ઓડય દશ રૂપીયાના દઉં કે વિશના.

કજી—મારે તો દશ હજારના નોટ જોઈએ,

કપુ—વોય બાપડીઆ દશ હજારના નોટ! દીકરા દશ હજારના નોટ દઉં તો તારા બાપને હેડાગન થઈ જાય હેડાગન, બસો રૂપીઆ લે બસો, બહુ કાળાપોળાં કરીને એકઠાં કર્યા છે—

કજી—જાઓ પાંચ હજારના દીઓ પછી બસ!

કપુ—દીકરા મરે ખાન નહીં ઊટરે હો, આ ઘરડે ઘડપણ મારૂં મહુ કાપ્ય માં, હજુરો આ ગાંડીઆને પરનાવો છે.

ગાંડી—ઓ આદા, આદા આપરે તો આપડી બાની જોડે પરણીશું કેમ ખરૂંને.

કપુ—મોંડ મેડ છાનો મેડ, ગાડા, હાડા લોક લાજી મરે છે,

કજી—બસ બસ દીઓ છો કે નહીં નહીં તો મણું દાસુછું. (હાગેછે.)

વિદુ—બાઇબ'ખ ઉભા રહો ઉભા રહો, ના માનેતો હું દોવડું લઇ આવું, જરા ટાંકમાં નાંખીને તાણુંજો ને એટલે ચટ દઈ ખુલાસો મળશે. (જતો રહેછે.)

કપુર—દઉંછું મારા હારા દઉંછું, કશાઈ મારૂં મરૂં

દમાનમાં તે ગાડું કાઢું કડવ (ભાગે છે) પન ડીકડા આગ-
ડ ૩૨ આ બાપને હવાડરો કુંઈ (માંડોઆને) ગાડીઆ હા-
ંક માડા ડીકડા હેંત ઘરે ગઈ, કાગન ભેળા ઠકેગે.

ગાંડી—હાંસો આવા. (ભને જાય છે.)

ડુજી—એતો હવે ગયા, માટે આપણે પણ હવે ચા-
લો, રૂપૈઆ આપ્યા છે તેની ખાશું પીશું ને મોજ કીધા-
તેશું રગીન ને કેવું સારૂ થયુ છે ને થવાનું છે, ચાલો બે
ગુજાન બનાવા છે, (જાય છે.)

“હુગે તેનું જાશે, ને બાનો બોડીંગ થાશે”

સમાપ્ત

અગાઉથી ગ્રાહક થનાર સદ્ગૃહસ્થોનાં નામ.

૧૫ શેઠ. ચીમનલાલ દલપતરામ. ૧૫ શા. મોતીલાલ ખીમચંદ
૧૫ શા. હીરાભાઈ ખીમચંદ. ૧૫ શા. કેશવલાલ લાલભાઈ. ૫ ઘાં-
ચી. મગનલાલ નાનાભાઈ. ૫ સોની, કેશવલાલ નરશીદાસ. ૫ શા.
જમનાદાસ જગજીવન. ૫ ઝવેરી. નાનાભાઈ જેઠાભાઈ. ૫ વઈદ. મા-
ધવલાલ ગંગાશંકર. ૫ શા. લલુભાઈ ઝીણાભાઈ. ૫ સોની મગન-
લાલ માણેકલાલ. ૫ શા. મનસુખ જગજીવન. ૫ શા. પુંજાલાલ
અમરતલાલ. ૫ વકીલ. રણછોડ પુરૂશોતમ. ૫ શા. છગનલાલ બેહે-
ચરદાસ. ૫ ચીમનલાલ જમનાદાસ. ૫ મોદી. અમરતલાલ પીતાંબર
૪ ઝવેરી. મોતીલાલ હરખચંદ. ૪ વઈદ. મણીશંકર છોટાલાલ. ૪
શા. ચુનીલાલ બાપુભાઈ. ૪ શા. હરખચંદ કેવળદાસ. ૨ ઝવેરી. જે-
સંગ કંકુચંદ. ૨ ઝવેરી. નાથાભાઈ ગુલાબચંદ. ૨ ઝવેરી. ઝુરાભાઈ
લાલચંદ. ૨ શા. માણેકલાલ બેહેચરદાસ. ૨ શા. સુરચંદ કેવળદાસ.
૧ ઝવેરી. લીલાભાઈ રાયચંદ. ૧ મોતીલાલ ગોકળ. ૧ નાના ગોકળ
૧ છગન ગોકળ. ૧ પુરૂશોતમ બાલાભાઈ. ૧ ઝવેરી, અમરતલાલ
મોતીલાલ. ૧ ઝવેરી. બાપાલાલ નાહાલસા. ૧ શા, સુરચંદ ગલાબચંદ
૧ શા. મગનલાલ દ્વારકાદાસ. ૧ બક્ષી. ચુનીલાલ ડાહ્યાભાઈ. ૧ પરી
ચુનીલાલ પીતાંબર. ૧ દેશાઈ. ચીમનલાલ બેહેચરદાસ. ૧ પરી. છગ-
નલાલ કરસનદાસ. ૧ જડીયા, કુબેર ભગવાનજી. ૧ ચોકસી. ડાહ્યાભાઈ
મનસુખ. ૧ જોસી. ચીમનલાલ મણીશંકર. ૧ શીવશંકર કાળીદાસ. ૧
સોની. અંબાલાલ કેશવલાલ. ૧ શા. હીમતલાલ મોહોલાલ. ૧ સો-
ની. તારાલાલ હીરાદેવ. ૧ સોની. લાલચંદ ચુનીલાલ. ૧ સોની. હી-
મતલાલ ફુલચંદ. ૧ શેઠ. ધરમચંદ ચુનીલાલ. ૧ રા. રા. મારૂતીરાવ
૧ રા. રા. માધવરાવ. ૧ પટવા. ચીમનલાલ લહેરચંદ. ૧ મોડક.
ક્રશનાજી સીતારામ. ૧ સોની. જેઠાલાલ મનસુખરામ. ૧ સોની. પુ-
જાલાલ જેચંદ. ૧ સોની. માણેકલાલ ચતુર. ૧ શા. નાથાલાલ નરો-
તમ, ૧ સોની. બાપુલાલ ભગવાન. ૧ જડીયા. જેઠાલાલ ચતુર.

વડોદરા—જેઠાલાલ ચુનીલાલ પાસેથી. ઠે. ઘડીઆળી પોળ.

તથા કેશવલાલ લાલભાઈ પાસેથી. ઠે. ઘડીઆળીપોળ.

તથા હીરાલાલ ખીમચંદ પાસેથી. ઠે. ઘડીઆળીપોળ.

લી. જેઠાલાલ ચુનીલાલ. ઝવેરી